અપીલ અરજી નં.૩૮ તા.૧૧–૫–૦૯/૧૦

અરજદારઃ શ્રી હરી મંગલસિંહ
સામાવાળાઃ કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

## *ફરીયાદની હકીકતઃ–*

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરી મંગલસિંહની આઈ.ડી ક્રમાંક ૪૮૧ તા.૧૬–૩–૦૯ ની અરજીથી માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૧–૫–'૦૯ ની અપીલ અરજી નં.૩૮/૨૦૦૯–૧૦

શ્રી હરી મંગલસિંહની આઈડી ક્રમાંક ૪૮૧ તા.૧૬–૩–૦૯ ની અરજીથી માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/અકણ/(આરટીઆઈ)/૧૩૯ તા.૨૨–૪–૦૯થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૧–૫–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૫૯ તા.૧૫–૫–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને આધાર પુરાવા અને વાજબીપણાના કારણોના વિવરણ અંગે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને નં.સા.ઝોન/અકણ/૩૧૧ તા.૨૧–૫–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં જાહેર માહિતી અધિકારીએ નોંધ વિભાગ, નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૮૨૭ તા.૩૧–૩–૦૯ થી ત્રાહિત વ્યકિતને પાઠવેલ પત્ર, ત્રાહિત વ્યકિત ધ્વારા તા.૧૫–૪–૦૯ થી લેવામાં આવેલ વાંધાપત્રો, અરજદારને નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૩૯ તા.૨૨–૪–૦૯ થી કલમ–૧૧(૨) હેઠળ દસ્તાવેજ આપવા અંગેનો ઈન્કાર કરતો પત્ર તથા તેની મોકલ્યાની યુપીસી કર્યાની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૬–૩–૦૯ ની અરજીથી કાશીનગર બમરોલી રોડ, ઉધના પ્લોટ નં.૧૬૦,૧૬૧ ની આકારણી કરવા માટે જે પ્રમાણપત્ર કે કબ્જા રસીદ આપેલ હોય તેની નકલ તથા સોસાયટીના એન.ઓ.સી. ની નકલની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારએ ત્રાહિત વ્યકિતને લગતી માહિતી હોય નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૮૨૭ તા.૩૧–૩–૦૯ થી પત્ર પાઠવી તા.૯–૪–૦૯ ના રોજ અભિપ્રાય અંગે પત્ર પાઠવવામાં આવેલ. જે સંદર્ભે મહાવીર સંસ્કાર વિદ્યાલય કરૂણાનિધિ એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખ તરફથી સદર મિલ્કત પરસોત્તમ અંબુભાઈ આહીર પાસેથી વેચાણ લીધેલ હોઈ અને નામ ટ્રાન્ફસફરની અરજી કરેલ હોય અમારું હિત સમાયેલ છે તેથી મિલ્કત ટ્રાન્સફર અંગેના કોઈ દસ્તાવેજ કે કાગળ હરીમંગલ સિંહ કે અન્ય કોઈ ત્રાહિત વ્યકિતને આપવા નહીં તેમજ અમને પત્ર મોડો મળ્યો હોવાથી તા.૧૫–૪–૦૯ ના રોજ અમે જવાબ આપેલ છે તેવી રજૂઆત કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને દસ્તાવેજી પુરાવા અંગે આરટીઆઈ એકટની કલમ–૧૧(૨) હેઠળ ઈન્કાર કર્યાનો પત્ર મોકલ્યાની યુપીસી નકલની પહોંચ સહિત નકલ રજૂ કરેલ છે. અપીલ પશ્ચાત તા.૧૫–૫–૦૯ ના રોજ અરજદારને નારાજગીના આધાર વાજબીપણાના કારણો વિગેરે અને વિવરણ જણાવવા પત્ર પાઠવી અપીલ તબકકે તક આપવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી કોઈ માહિતી કે પુરાવા મળેલ નથી.

ઉકત વિગત જોતાં જાહેર માહિતી અધિકારી કક્ષાએથી વિવાદ હેઠળની મિલ્કત બાબતે તેમના તા.૩૧–૩–૦૯ ના પત્રથી શ્રી પુરુષોત્તમભાઈ આહિરને ત્રાહિત તરીકે પત્ર પાઠવવામાં આવેલ જે સદર પ્લોટ પર તેમનું નામ ચાલતું હોવાનું જણાવવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા તેના પુરાવા તરીકે કોઈ દફતરી દસ્તાવેજ પૂરક વિગતોમાં સામેલ કરેલ નથી. શ્રી આહિરને લખેલા પત્ર સામે કરૂણાનિધિ એજયુકેશન ટ્રસ્ટના નામથી પ્રમુખશ્રી એસ.આર. દાળવાળા નામ દર્શાવતા ઈસમ ધ્વારા મહાવીર સંસ્કાર વિદ્યાલયના લેટર પેડ પર તેમના તા.૧૫–૪–૦૯ ના પત્રથી વાંધો ઉઠાવતો પત્ર રજૂ કરેલ છે. જેમાં તેમણે શ્રી આહિર પાસેથી પ્લોટ વેચાણ લીધેલ હોવાનું તથા નામ ટ્રાન્સફરની અરજી આપેલ હોવાનું જણાવેલ. આમ જાહેર માહિતી અધિકારી કક્ષાએ મહાનગરપાલિકા દફતર અનુસાર જે ત્રાહિત વ્યકિત છે તે શ્રી આહિર સિવાયની વ્યકિતએ રજૂ કરેલ વાંધો ધ્યાને રાખી કલમ–૧૧(૨) હેઠળ માહિતીનો ઈન્કાર કરેલ છે જે આરટીઆઈ કાયદાની કલમ–૧૧(૨) ની જોગવાઈ સાથે સુસંગત નથી કારણકે જાહેર માહિતી અધિકારીએ જયારે શ્રી આહિરને ત્રાહિત ગણેલ છે તે સંજોગોમાં કરૂણાનિધિ એજયુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી દાળવાળાનું ત્રાહિત તરીકે હિત સ્થાપિત થતું હોય તેવી કોઈ ખાત્રી અને દફતરી સમર્થન જાહેર માહિતી અધિકારીએ રજૂ કરેલ નથી તે સંજોગોમાં શ્રી દાળવાળાનો વાંધો ત્રાહિત તરીકે ગ્રાહય રાખવા પાત્ર થાય નહીં.

## *હુકમ*

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૬–૩–૦૯ ની અરજીથી માંગેલ માહિતી બાબતે દફતરી વિગત અનુસાર ખરેખર જે ત્રાહિત નામ ધારક હોય તેમને રજૂઆત કે વાંધો રજૂ કરવાની તક આપી તે વાંધાને અનુલક્ષી યોગ્ય તે નિર્ણય પર આવવાનું રહે છે . તેથી દફતરી વિગતોને સુસંગત ત્રાહિત વ્યકિત બાબતે કાયદાની કલમ–૧૧(૨) હેઠળની કાર્યવાહી અનુસરી માત્ર તેમની જ રજૂઆતો ધ્યાને રાખી જો ત્રાહિત તરફથી કોઈ વાંધો રજૂ થયેલ હોય તો તે બાબતે માહિતી જાહેર કરવાથી ત્રાહિતને થતાં નુકશાન સામે વ્યાપક જાહેર હિત ધ્યાને રાખી કલમ–૧૧ હેઠળ માહિતીના ઈન્કાર કરવા અગર માહિતી જાહેર કરવા બાબતે દિન–૧૫ માં યોગ્ય તે નિર્ણય લઈ અત્રેની જાણ હેઠળ અરજદારને સૂચિત કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારી કક્ષાએથી હુકમની વિગતે નિર્ણય લીધા બાદ પણ નારાજગીના કિસ્સામાં કાયદાની કલમ–૧૯(૧) હેઠળ હુકમની તારીખથી દિન–૩૦ માં અત્રેની કક્ષાએ અપીલમાં રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬ – ૦૯

***ઈ.ચા.એપેલેટ ઓફિસર***
***અને ડાયરેકટર ઓફ પ્લાનીંગ***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,ઉધનાઝોન ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી હરી મંગલસિંહ, ૨૩૦–બી, ન્યુ. હરીધામ સોસા., બમરોલી રોડ, સુરત,....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.